દિવ્ય ભાસ્કર

Navsari 29 May, 2019

# ખેરગામમાં શ્રીમદ રાજચંદ્ર મિશન દ્વારા રાહત દરે નોટબુક વિતરણનો આરંભ કરવામાં આવ્યો

**ખેરગામ** | ખેરગામ જનતા માધ્યમિક શાળા સંકુલમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ધરમપુર દ્વારા બીજા વર્ષે રાહત દરે શૈક્ષણિક સાધન સામગ્રીના વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જનતા કેળવણી મંડળના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, જ.મા. શાળાના આચાર્ય યોગેશભાઈ લાડ, શ્રીમદ રાજચંદ્ર આશ્રમના અનુયાયી લલીતભાઈ વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષે રાજચંદ્ર મિશન દ્વારા આપવા આવતી શૈક્ષણિક સામગ્રી લેવા



દુરદુર ગામડાઓમાંથી વિદ્યાર્થી-વાલીઓ મોટી સંખ્યામાં લાઈનમાં ઉભા રહેતા હોય છે. ખેરગામ વિસ્તારમાં પણ શરૂઆત થતા નોટબુક લેવા મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે.